ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીનો બીજો પદવીદાન સમારોહ સંપન્ન

વિવિધ વિદ્યાશાખાઓમાં વિશિષ્ટ સિદ્ધિપ્રાપ્ત ૨૦ છાત્રોને ગોલ્ડ મેડલ્સ એનાયત કરાયા

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ યુવા છાત્ર શક્તિને તેમણે મેળવેલી શિક્ષા-દિક્ષાના આધારે આત્મવિશ્વાસથી આગળ વધી રાષ્ટ્ર સ્વાભિમાન- ઈન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવવા માટે પ્રેરક આહવાન કર્યું છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આવનાર પડકારોને પહોંચી વળવાની સજ્જતા કેળવી વિશ્વ સાથે બરોબરી કરતી યુવા વ્યકિતના ભરોસે જ પ્રધાનમંત્રીશ્રીએ નયા ભારતના નિર્માણનો સંકલ્પ સંજોયો છે તે રાષ્ટ્રના સ્વાભિમાનથી પાર પાડવો છે. મુખ્યમંત્રીશ્રીએ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના બીજા પદવીદાન સમારોહમાં ડિગ્રી પ્રાપ્ત છાત્રોને સંબોધન કરી રહ્યા હતા.શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ આ અવસરે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિજયભાઇ રૂપાણીએ પદવી પ્રાપ્ત વિદ્યાર્થીઓને કહ્યું કે, રાષ્ટ્ર નિર્માણથી ભારત માતાને વિશ્વ ગુરૂ બનાવવાનું કર્તવ્ય હવે યુવા છાત્રોએ પોતાના જ્ઞાનનો માનવજાતના-સમાજના કલ્યાણ માટે વિનિયોગ કરીને અદા કરવાનું છે. મુખ્યમંત્રીશ્રીએ ઈન્ડિયા ફર્સ્ટનો ભાવ જગાવતી આ નવી યુવા છાત્રપેઢી પોતાના વિચાર,આચાર અને નવોન્મેષી વાતાવરણથી તરબતર છે તેનો ઉમંગ અને વિશ્વાસ જ ભારત માતાના માન બિંદુઓ, કિર્તી વિશ્વમાં ઉન્નત કરશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતની આવશ્યકતાઓ અને ઈન્ફાસ્ટ્રકચરની સુવિધાઓ માટે રાજ્ય સરકાર સહયોગ કરશે તેવી ખાતરી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિદ્યાશાખામાં ગોલ્ડ મેડલ્સ મેળવનાર ૨૦ છાત્રોને મેડલ્સ અર્પણ કર્યા હતા. મેડલ મેળવનાર સર્વે વિદ્યાર્થીઓને સુવર્ણ ભવિષ્ય માટેની શુભકામાનાઓ પાઠવીને ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. હસમુખ અઢિયાએ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે, તમારા જ્ઞાનનું અભિમાન ન કરતાં. પણ રાષ્ટ્ર નિર્માણ તથા સમાજના ઉત્થાન માટે જરૂર પડે ત્યાં અવશ્ય ઉપયોગ કરજો. જીવનમાં સફળ થવા માટે તમારી જિંદગીમાંથી અભિમાનને સદા દૂર કરજો. સખત પરિશ્રમ કરશો તો જીવનમાં સફળ થશો.

આ પ્રસંગે ૩૬૮ વિદ્યાર્થીઓને વિવિધ વિષયોમાં યુ.જી., પી.જી., અને પીએચ.ડી. તથા એમ.ફીલ ની ડિગ્રી મેળવનાર અને અગ્રસ્થાન મેળવનાર વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે સન્માન અને ડિગ્રી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને ગુજરાત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ઉપકુલપતિશ્રી ઉમાશંકર દુબેએ વિશ્વ વિદ્યાલયની વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાલયના રજિસ્ટ્રાર શ્રી પ્રો. આલોક ગુપ્તાએ આભારવિધિ વ્યકત કરી હતી. કાર્યક્રમના આરંભે વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી ગાન રજૂ કરવામાં આવ્યું હતું. આ સમારંભમાં રાજયના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ તથા વાલીઓ સહિત વિશ્વ વિદ્યાલયનો પરિવાર અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ડાયરેક્ટ ❤ સે
દુનિયાની સૌથી અસરકારક દવાનું નામ છે 'જવાબદારી', જે ક્યારેય વ્યક્તિને થાકવા જ નથી દેતી

જન્મદિને વધામણી



કનુભાઈ એસ દવે
પ્રમુખ, માનવસેવા મંડળ
વક્તા, ગાંધીકથા
મો. ૭૮૭૮૩ ૨૨૬૬૩

વાઘેલા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ
રાજપુત સમાજ, ગાંધીનગર
મો. ૯૪૦૬૦૮૪૬૬૬

રેસુંગ ચૌહાણ
મો. ૯૯૭૮૮ ૯૪૨૮૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

રાંધેજા વિદ્યાપીઠમાં ગુજરાતી લોકગીતોની રમઝટ જામી

ગાંધીનગર, તા. ૨૨

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્રની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા અખિલ ભારતીય તકનીકી શિક્ષા પરિષદ (એ. આઈ. સી. ટી. ઈ.)ના આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી કાર્યક્રમના સંચાલક વિદ્યાર્થી રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવક પ્રતિકભાઈ ગાંવિત અને તેજલ વસાવાએ જણાવ્યું કે ગુજરાતી જ નહિં પણ સ્થાનિક આદિવાસી ભાષામાં વિદ્યાર્થિઓએ લોક ડાયરો અને લોક–લગ્નગીતો થકી પોતાની પરંપરાગત સમૃદ્ધ સંસ્કૃતિની યાદ અપવી દીધી.

વિભાગના નિયામક ડૉ. રાજીવ પટેલે કહ્યું કે લોકભાષામાં વિકાસની તાસીર છુપાયેલી હોય છે આ દિવસની ઉજવણી નિમિત્તે તેનો ઓળખવાની તક મળે છે. આપણે માતૃભાષાનો ગૌરવ લેવો જોઈએ. વ્યકિત પોતાની માતૃભાષામાં જ સારી રીતે વિચારી શકતો હોય છે તેથી માતૃ ભાષાને સન્મમાન મળે તે જરૂરી છે.

રીતિકા, અંજન, પ્રકૃતિ, પ્રિયંકાએ દાહોદના પ્રસિદ્ધ લોગગીત- લીલી તુવેર રાતુ ફૂલ રે દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા જ્યારે ગુજરાત વિસ્તારની નેહા, વિદ્યાએ વનરાતે વનમાં મીઢળ જાજા જેવા સરસ મજાના લગ્ન ગીતો થકી આપણા ગ્રામીણ સામાજિક વાતાવરણની યાદ કરાવી દીધી. પરિમલ ભાઈએ પણ અમો આદિવાસી લોકો થકી આદિવાસી સંસ્કૃતિને વધાવી લીધી હતી.

કાર્યક્રમના અંતે રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશજૈને માતૃભાષા દિવસની ઉજવણી પ્રત્યે હર્ષભેર લાગણી વ્યકત કરતા કાવ્ય પાઠમાં ઉત્સાહપૂર્વક ભાગીદારી કરી હતી.

બીસીએ કોલેજમાં પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ- બી. સી. એ.ના ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું એક સમેલન "સંગમ-૨૦૨૦" કોલેજ કેમ્પસ ખાતે યોજાઇ ગયું. જેમાં આ સંસ્થામાં અભ્યાસ કરી ચૂકેલા ૨૫૦ ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. દ્વારા કરવામાં આવી હતી. કોલેજના ડાયરેક્ટર ડો. સંજય શાહ દ્વારા ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી તેઓને આવકારવામાં આવ્યા હતા. પોતાના સ્વાગત પ્રવચનમાં તેઓએ વધુમાં જણાવ્યુ હતું કે આ સંસ્થા ભુતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી જ ચાલી રહી છે, અને ભવિષ્યમાં પણ આ શિરસ્તો ચાલુ જ રહેશે અને સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરતી રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. "સંગમ-૨૦૨૦"માં કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજ કાળ દરમિયાનના પોતાના અનુભવોને રજૂ કર્યા હતા. મુખ્ય મહેમાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન અને કેએસવીના પ્રેસિડંટ માનનીયશ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબે વિદ્યાર્થીઓને સફળતાના શિખરો સર કરીને સમાજમાં પોતાના કુટુંબને, કોલેજને અને ત્યારબાદ પોતાની સંસ્થાને મદદરૂપ થવાના સૂચનો આપ્યા હતા અને ભવિષ્યમાં ખૂબ જ આગળ વધવાની શુભેચ્છાઓ આપી હતી.

અતિથિ વિશેષ તરીકે કોલેજના જ ભુતપૂર્વ વિદ્યાર્થી શ્રી રેહાનખાન પઠાણ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ શશાંક શુક્લ, નેગી નીરજ અને જનકે પોતાના સંસ્મરણો વગોળ્યા હતા. કોલજ દિવસો દરમિયાન કોલેજ દ્વારા તેઓએ પ્રાપ્ત કરેલ શિક્ષણ, મેનેજમેંટ, શિશ્ત, નોકરીની ઉમદા તકો વિષેની વાત પણ તેઓએ વિદ્યાર્થીઓ સાથે વગોળી હતી. આ પ્રસંગે કોલેજ પરિવાર તરફથી વ્રજ ભટ્ટ, ત્રિવેદી ભાગ્યેશ્રી, યશ ગજ્જર, તેજસ પાંડે, શશાંક ધડવે, મંથન ક્ષત્રિય, રાજપૂત રુદ્રપ્રતાપ, પ્રિયમ ગજ્જર અને અભિષેક પાધીને કમ્પ્યુટર, કળા, સંગીત, ઉદ્યોગ સાહસિકતા, રમતગમત, શિક્ષણ જેવા ક્ષેત્રોમાં તેમને કરેલા ઉત્કૃષ્ટ પ્રદાન બદલ કોલેજ પરિવાર દ્વારા તેઓને બિરદાવવામાં આવ્યા હતા. સાથે સાથે આ તમામ વિદ્યાર્થીઓએ કોલેજના વર્તમાન વિદ્યાર્થીઓને ભવિષ્યમાં સફળ થવા મદદરૂપ થવાની ભાવના વ્યકત કરી હતી. સાથે સાથે કોલેજના ભુતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠનની પણ રચના કરવામાં આવી હતી. જેના પ્રેસિડંટ તરીકે શ્રી શશાંત શુક્લ અને સેક્રેટરી તરીકે શ્રી સાહિલ છાપીયા અને ઈશાન દિત્યની નિમણૂક કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કોર્ડિનેટર પ્રો. રૂપેશ વ્યાસ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કોલેજના પ્રાધ્યાપક પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા પોતાની આગવી શૈલીમાં કરવામાં આવ્યું હતું. કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનુ આયોજન ફેકલ્ટી મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

સોજા હાઈસ્કૂલના ઉપક્રમે માતૃભાષા ગૌરવ દિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

કલોલ તાલુકાની લબ્ધ-પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ. એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે 'વિશ્વ માતૃભાષા ગૌરવ દિન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આધુનિક તકનિકી યુગમાં આપણી માતૃભાષા ગુજરાતી જ્યારે ભૂલાઈ રહી છે, ત્યારે આપણી સંસ્કૃતિ અને સાહિત્યને જાળવી રાખવી એ આપણી નૈતિક ફરજ બને છે. બાળક જન્મ બાદ સૌપ્રથમ જે ઉચ્ચારણ અભિવ્યક્ત કરે છે તે ભાષા અને સ્વપ્નો અનુભવ જે ભાષામાં થાય છે તે માતૃભાષા જ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એ પણ માતૃભાષાના શિક્ષણને પ્રાધાન્ય આપવા પર સવિશેષ ભાર મૂક્યો હતો. ગુજરાતી વિષયના નિષ્ણાત સારસ્વત શ્રી સી. એમ. ઠાકોરે ગુજરાતી સાહિત્ય, પ્રાચીનયુગનું સાહિત્ય, મધ્યકાલીન અને અર્વાચીન યુગના ગુજ્જુ સાહિત્ય, લેખક-કવિ-સાહિત્યકાર-પ્રવાસલેખક-નવલકથાકાર-વિવેચક-વિશ્લેષક-અનુવાદક-નિબંધકાર વગેરે વિશે સવિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. ગુજરાતી વિષયના અન્ય નિપુણ સારસ્વતશ્રી ગણપતભાઈ ગોહિલે આખ્યાન - છંદ-લોકગીત-પ્રકૃતિ નિબંધ-ભક્તિપદો-ગદ્ય-પદ્ય વિશે વિગતવાર રજૂઆત કરી હતી.

આ પ્રસંગે ગુજરાતી સાહિત્યના આધારસ્તંભ એવા સાહિત્યકારના જીવનચરિત્ર અને જીવનવૃત્તાંત રજૂ કરતા પ્રદર્શન-નિદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વૈશ્વિક ફલક પર ભૂંસાઈ રહેલી ગુજરાતી ભાષાના જતન-રક્ષણ-સંવર્ધન-વિવર્ધન માટે આવશ્યક નિદાનાત્મક-રચનાત્મક-હકારાત્મક-ઉપચારાત્મક ઉપાયો વિશે વિચારગોષ્ઠીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. વનરાજસિંહ ચાવડા, સંજયભાઈ નાયક અને ચીમનભાઈ ઠાકોર દ્વારા વિવિધ પદો અને સાહિત્યિક રચનાઓનું સુંદર રસપાન કરાવવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, સરાહનીય, રોમાંચક, રસપ્રદ, રોચક, પ્રભાવી, પ્રોત્સાહક, પ્રશંસનીય, પ્રેરણાદાયક, આકર્ષક, અનુકરણીય બની રહ્યો હતો.

ઍમ બી પટેલ હાઈસ્કૂલ, વાવોલ ખાતે

ધો.૧૦ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો

જાણીતા દાતા પૃથ્વીભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને યાદગાર ભેટ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

શ્રી એમ.બી.પટેલ સાર્વજનિક વિદ્યાલય વાવોલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોનો શુભેચ્છા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં મુખ્ય મહેમાન પદે પૃથ્વીભાઈ શાહ હાજર રહી શાળાના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાના પેડ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ચણિયા ચોળીનું વિતરણ કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં પ્રગતીમંડળના પ્રમુખશ્રી તથા કાર્યક્રમના અધ્યક્ષશ્રી પોપટભાઈ પટેલ તથા સહમંત્રી અમરસિંહભાઈ ગોલ હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

આ પ્રસંગે મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળા ઈન્ચાર્જઆચાર્યશ્રી નિલેશભાઈ પટેલે કર્યું હતું કાર્યક્રમનું સંચાલન રસિલાબેન વ્યાસે કર્યું હતું પ્રાસંગિક પ્રવચન પૃથ્વીભાઈ શાહ પોપટભાઈ પટેલ કર્યું હતું. આભારવિધિ નારાયણભાઈ ચૌધરીએ કરી હતી.

બાપુ ગુજરાત નોલેજ વિલેજમાં સંગીત સંધ્યાનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર- માણસા હાઈવે ના કુદરતી અને શાંત વાતાવરણ મા થનગનતા બાપુ ગુજરાત નોલેજ વિલેજ ની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓમા રહેલી છુપાયેલી શક્તિઓ અને આવડત ને ખિલવવાના હેતુ થી તા. ૨૦/૨/૨૦૨૦ ના રોજ કેમ્પસનો પરંપરાગત કાર્યક્રમ "કાર્નિવલ ધ વિલેજ" સમી સાંજના રોજ યોજાયો હતો. સંસ્થાના જે પણ વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ દરમ્યાન અનોખિ સિધ્ધિ હાસલ કરી હોય તેઓને બાપુશ્રીના વરદ હસ્તે ઇનામ અને સર્ટિફિકેટથી નવાજવામાં આવ્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિહ વાઘેલા, ભરતસિહ વાઘેલા, નીલરાજસિહ વાઘેલા, કેમ્પસ ડારેકટર પ્રો. રવિકુમાર, દરેક કોલેજના પ્રિન્સીપાલ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને બહોળી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા.

બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, ફાર્મસી, લો, સાયન્સ એન્ડ કોમર્સ અને નર્સિગના વિદ્યાર્થીઓએ અલગ- અલગ કાર્યક્રમ જેવા કે પ્રેયર ડાન્સ, ગરબા, ફોક ડાન્સ, ગ્રુપ ડાન્સ, વેસ્ટર્ન ફ્યુઝન, ડ્રામા , વેસ્ટર્ન-મેસઅપ , ફેશન શો વગેરેમાં પોતાની સુશુપ્ત શક્તિઓને શિસ્ત-બદ્ધ અને તાલ સાથે પ્રદર્શિત કરી ઉપસ્થિત અધ્યાપકો, વાલીગણ અને વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના ડાયરેકટર પ્રો. રવિકુમાર તથા સમગ્ર કોલેજના આચાર્યશ્રીઓના માર્ગદર્શન હેઠળ પ્રો.નિશાત પટેલ, પ્રો વેદિકા શાહ, પ્રો આકાશ મહેતા, પ્રો લવ મેવાડા, પ્રો આશા પંચાલ અને પ્રો જયદીપસિહ વાઘેલા તથા સમગ્ર સ્ટાફ મિત્રોએ સાથે મળીને કર્યુ હતુ.

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા,ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી, તારીખ:૨૧ ફેબ્રુઆરી ૨૦૨૦, શુક્રવારના રોજ, સાંજે ૫-૩૦ કલાકે, રા. વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી નિમિત્તે ગરવા ગુજરાતી કવિ, નાટ્યકાર મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'ની સાર્ધ શતાબ્દીની સ્મૃતિવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સતીશ વ્યાસ લિખિત કમલ જોષી દિગ્દર્શિત-અભિનીત કવિ 'કાન્ત'ના જીવન પર આધારિત દ્વિઅંકી નાટક 'જળને પડદે'ભજવાયું હતું. આ નાટકને માણવા કવિ 'કાન્ત'ની પૌત્રી ચિત્રા ભટ્ટ તથા અન્ય પરિવારજનો, સાહિત્યકારો, સાહિત્યપ્રેમીઓ તથા નાટ્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નાટકને માણવા માટે કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી.

શ્રી એમ.એમ.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચના

મેથેમેટિક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન યોજાયું

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત શ્રી એમ.એમ.પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સીસ એન્ડ રીસર્ચનાં મેથેમેટિક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન "Retrace-2020"નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સંસ્થામાં અત્યાર સુધી અભ્યાસ કરેલા બી.એસ.સી અને એમ.એસ.સી.ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે અર્થશાસ્ત્ર અને આકડાશાસ્ત્ર નિયામક કચેરીના સંયુક્ત નિયામક શ્રી. મનીષ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. જેમણે આ પ્રકારનાં કાર્યક્રમોનું મહત્વ સમજાવી સંસ્થાને આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં વિશેષ અતિથી તરીકે જાણીતા ગણિતશાસ્ત્રી ડો. વિઠલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમણે પોતાના જીવનનાં વિવિધ પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓ ને પ્રેરિત કાર્ય હતા. આ પ્રસંગે વર્ષ દરમ્યાન વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સમ્માન કર્યું હતું. વિદ્યાર્થીઓ એ પણ સંસ્થા સાથેના પોતાના સંસ્મરણો વાગોળી અને સંસ્થા દ્વારા તેમને હર હંમેશ મદદ કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ટ્રસ્ટના પ્રમુખ ડો.કનુભાઈ પટેલ, સંસ્થાના પ્રિન્સીપાલ ડો. કેયુર શાહ, વાઈસ પ્રિન્સીપાલ ડો.ચેતન સાંગાણી તથા પરિક્ષા નિયામક શ્રી. પી.કે.શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા એલ્યુમની એસોસીએશન, તમામ ફેકલ્ટી મેમ્બર તથા એમ. એસ. સી.ના વિદ્યાર્થીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ગાંધીનગર ખાતે 'અર્બન ટ્રાન્સફોર્મેશન્સ, યુથ એસ્પિરેશન્સ એન્ડ એજ્યુકેશન ઈન ઈન્ડિયા' વિષયે બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય શૈક્ષણિક યોજના અને વહીવટી તંત્ર (એનઆઈઈપીએ), નવી દિલ્હી સાથે સંયુક્ત રીતે શિક્ષણનાં વિવિધ પાસાઓ અને ઝડપી શહેરી પરિવર્તનના સંદર્ભમાં ભારતમાં યુવાનો પર આંતર-શિસ્ત સંવાદ વિસ્તૃત કરવા માટે સંયુક્ત રીતે આ આયોજન કરવામાં આવ્યું હતું.